વિના હરાજીથી નવી ,અવિભાજય અને
વિક્રિયાદિત નિયંત્રિત શરતે વેચાણથી
અથવા રાહતદરથી અથવા મહેસૂલ
માફી અને કિંમત માફીથી અથવા પટ્ટેથી
ફાળવેલ સરકારી જમીન અંગે ગ્રાન્ટી /
પટેદારે ભરવાના ડેક્લેરેશન ફોર્મ
બાબત.

ગુજરાત સરકાર,
મહેસુલ વિભાગ,
પરિપત્ર ક્રમાંક:જમન-૧૦૨૦૦૩-૫૪૫- ગ
બ્લોક નં.૧૧/૫ મો માળ
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૦/૧૨/૨૦૦૩

**<u>પ રિ પ ત્ર :-</u>**

રાજ્ય સરકાર ધ્વારા વ્યક્તિઓ/સંસ્થાઓ/ટ્રસ્ટો/સહકારી મંડળીઓ/બોર્ડ/કોર્પોરેશનો કંપનીઓ વગેરેને વિવિધ હેતુ માટે સરકારી/ પંચાયતી જમીનો વિના હરાજીથી નવી અવિભાજય અને વિક્રિયાદિત નિયંત્રિત શરતે વેચાણથી અથવા રાહતદરથી અથવા મહેસૂલ માફી અને કિંમત માફીથી અથવા પટ્ટેથી ફાળવવામાં આવે છે. સરકારના ધ્યાને આવેલ છે કે જમીન ફાળવ્યા પછી આ જમીનનો જે તે હેતુ માટે અને જે તે શરતો મુજબ ઉપયોગ થાય છે કે કેમ તે અંગે જે મોનીટરીગ થવું જોઈએ તે થતું નથી, પરિણામે સરકારની કિંમતી જમીનોના દુરુપયોગના અને બિનપરવાનગી હેતુફેર તથા શરતભંગના દાખલા બનતા રહે છે અને આવા દાખલાની સરકારને ઘણા સમય પછી જાણ કરવામાં આવે છે અથવા તો સ્થળ મુલાકાત વખતે સરકારના ધ્યાન ઉપર આવે છે. આવું ન બને અને જમીનના ઉપયોગ અંગે સતત માહિતી સરકારને મળતી રહે અને સરકાર અને ગ્રાન્ટી કે પટ્ટેદાર વચ્ચે બિનજરુરી તકરાર/દાવા ઉપસ્થિત થતા રોકવાના આશયથી સરકારી જમીનના ગ્રાન્ટી અથવા પટેદાર પોતે જ જમીનના ઉપયોગ અને શરતોના પાલન અંગે વિગતો આપતું એક ડેકલેરેશન ફોર્મ દર વર્ષે ઓગસ્ટ મહિનાની પહેલી તારીખે જિલ્લા કલેકટરને રજુ કરે અને આ રજુ થયેલ ડેકલેરેશન ફોર્મની જરુરી ચકાસણી તેમજ સ્થળ ચકાસણી કરીને નિયમાનુસાર લેવાપાત્ર પગલા ભરીને ભરેલ પગલાંનો અહેવાલ જિલ્લા કલેકટર સરકારને રજુ કરે તેવું સરકારે ઠરાવેલ છે.

૨. ગ્રાન્ટી /પટેદારે રજુ કરવાના ડેકલેરેશન ફોર્મનો નમૂનો આ સાથે સામેલ છે.

૩.	આથી, તમામ જિલ્લા કલેકટરોને સૂચના આપવામાં આવે છે કે જેમને સરકારી/ પંચાયતી જમીન વિના હરાજીથી વેચાણથી અથવા રાહતદરથી અથવા મહેસૂલ માફી અને કિંમત માફીથી અથવા પટેથી ફાળવવામાં આવેલ હોય તેવા પોતાના હસ્તકના જિલ્લા, તાલુકા અને ગામના તમામ ગ્રાન્ટીઓ/પટેદારોને સદરહુ ડેકલેરેશન ફોર્મ આ પરિપત્રની તારીખથી એક માસમાં આપી દેવા અને સાથે સાથે ગ્રાન્ટીઓ/પટેદારોને એવી નોટિસ આપવી કે ડેકલેરેશન ફોર્મ તે મળ્યાની તારીખથી દિન –૩૦ માં સંપુર્ણ ભરીને જિલ્લા કલેકટર સમક્ષ અચૂક રજૂ કરવું અને જો તેમ નહિ કરવામાં આવે તો તેમની સામે ધોરણસરની કાર્યવાહી કરવામાં આવશે, તેવું નોટિસમાં સ્પષ્ટ જણાવવું.

૪.	આ સૂચનાનું ચુસ્તપણે પાલન થાય તે અંગે અંગત કાળજી લેવા અને મળેલા તમામ ડેકલેરેશન ફોર્મની જરુરી ચકાસણી અને સ્થળ ચકાસણી કરીને નિયમોનુસાર લેવાપાત્ર પગલાં ભરીને ભરેલ પગલાંના અહેવાલ સરકારમાં ડિસેમ્બરના અંત સુધીમાં અવશ્ય રજુ કરવા તમામ જિલ્લા કલેકટરોને જણાવવામાં આવે છે.

૫.	જિલ્લા કક્ષાએ ડેકલેરેશન ફોર્મનું રજિસ્ટર નિભાવવાનું રહેશે અને દર વર્ષે ઓગસ્ટ મહિનાની પહેલી તારીખે ગ્રાન્ટી/પટેદાર તરફથી ડેકલેરેશન ફોર્મ સંપુર્ણ રીતે ભરીને અવશ્ય રજુ કરવામાં આવે તેની પૂરતી તકેદારી રાખવી. જિલ્લા કલેકટરે આ માટે અલગ સ્ટાફની માંગણી કરવી નહિ,પણ આંતરિક જરુરી વ્યવસ્થા કરી લેવાની રહેશે. તાબાના અધિકારીઓને આ સંદર્ભમાં સૂચના આપવી.આ અંગેની વિગતો **Computerized Format** માં રાખવી.

૬.	ગ્રાન્ટી/પટેદારે દર વર્ષે ઓગસ્ટ મહિનાની પહેલી તારીખે ડેકલેરેશન ફોર્મ સંપુર્ણ વિગતો સાથે જિલ્લા કલેકટરને અવશ્ય રજુ કરવાનું રહેશે તેવી શરત જમીન ફાળવણીના દરેક હુકમમાં રાખવાની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

પંકજ પંડયા
નાયબ સચિવ
મહેસુલ વિભાગ,ગુજરાત સરકાર.

# ડેકલેરેશન ફોર્મ

( નવી શરતથી આપેલ સરકાર જમીન અંગે ગ્રાન્ટી/પટેદારે/ધારકે દર વર્ષે તા. ૧લી ઓગસ્ટે ભરવાનું)

૧. વ્યક્તિ /સંસ્થાનું નામ :

૨. સરનામું :

૩. વિના હરાજીથી વેચાણથી આપેલ જમીનની વિગત :

| ક્રમાંક | જિલ્લો | તાલુકો | ગામ | સરવે નંબર બ્લોક નંબર | મંજુર કરેલ જમીનનું ક્ષેત્રફળ ચો.મી. | હેતુ |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |

૪. વિના હરાજીથી રાહત દરથી આપેલ જમીનની વિગત :

| ક્રમાંક | જિલ્લો | તાલુકો | ગામ | સરવે નંબર બ્લોક નંબર | મંજુર કરેલ જમીનનું ક્ષેત્રફળ ચો.મી. | હેતુ |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |

૫. મહેસૂલ માફીથી અને કિંમત માફીથી આપેલ જમીનની વિગત :

| ક્રમાંક | જિલ્લો | તાલુકો | ગામ | સરવે નંબર બ્લોક નંબર | મંજુર કરેલ જમીનનું ક્ષેત્રફળ ચો.મી. | હેતુ |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |

૬.   પટેથી આપેલી જમીનની વિગત :

| ક્રમાંક | જિલ્લો | તાલુકો | ગામ | સરવે નંબર બ્લોક નંબર | મંજુર કરેલ જમીનનું ક્ષેત્રફળ ચો.મી. | હેતુ |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |

૭.   ઉપર ૩,૪, ૫ અને ૬ ના હુકમ નંબર અને તારીખ.

૮.૧   વિના હરાજીથી વેચાણથી આપેલ જમીનની કબજાહક્કની કુલ રકમ કેટલી છે ?

૮.૨   કબજાહક્કની રકમ ભર્યાની તારીખ

૮.૩   કબજાહક્કની રકમ ભરવાની બાકી હોય તો તેના શા કારણો છે ?

૮.૪   કબજાહક્કની કેટલી રકમ ભરવામાં આવી ?

૮.૫   કબજાહક્કની કેટલી રકમ ભરવાની બાકી છે ?

૯.૧   વિના હરાજીથી રાહતદરથી આપેલ જમીનની કબજાહક્કની કુલ રકમ કેટલી છે ?

૯.૨   રાહતદર મુજબ કેટલી રકમ ભરવાની થાય છે ?

૯.૩ રાહત દર મુજબ રકમ ભર્યાની તારીખ

૯.૪ રાહત દર મુજબ રકમ ભરવાની બાકી હોય તો
તેના કારણો.

૯.૫ રાહત દર મુજબ કેટલી રકમ ભરવામાં આવી ?

૯.૬ રાહતદર મુજબ કેટલી રકમ ભરવાની બાકી છે ?

૧૦.૧ પટેથી આપેલ જમીનનું કુલ ભાડું કેટલું ભરવાનું થાય છે ?

૧૦.૨ પટેથી આપેલ જમીનનું ભાડું જમા કરાવ્યાની તારીખ

૧૦.૩ પટેથી આપેલ જમીનનું ભાડું ભરવાનું બાકી હોય તો તેના શા કારણો છે ?

૧૦.૪ પટેથી આપેલ જમીનનું કેટલું ભાડું ભરવાનું બાકી છે ?

૧૦.૫ પટેથી આપેલ જમીનનું છેલ્લે કેટલું ભાડું ભરવામાં આવ્યું ?

૧૦.૬ પટાની મુદત ક્યારે પૂરી થાય છે ?

૧૦.૭ પટાની મુદત પુરી થઈ હોય તો મુદતપુરી થવાના છ માસ પહેલા પટો તાજો કરાવવાની અરજી કરેલ છે?

| | |
|---|---|
| ૧૦.૮ | જો કરેલ હોય તો કયારે કરેલ છે ?(તારીખ જણાવવી ) |
| ૧૦.૯ | પટો તાજો કરાવવાની જરુરીયાત છે ?(હા કે ના જણાવવું.) |
| ૧૦.૧૦ | પટ્ટાની શરતોનું પાલન કરવામાં આવેલ છે ? |
| ૧૧. | વેચાણથી કે રાહત દરથી કે પટેથી કે મહેસુલ માફી અને કિંમત માફીથી આપેલ જમીનનો હાલ કયા હેતુ માટે ઉપયોગ થાય છે ? |
| ૧૨.૧ | બાંધકામ પૂર્ણ કર્યાની તારીખ |
| ૧૨.૨(ક) | બાંધકામની મુદત વધારેલ હોય તો કઈ તારીખ સુધી વધારેલ છે ? |
| (ખ) | બાંધકામની મુદત કેટલી વાર વધારેલ છે ? |
| ૧૨.૩ | કેટલા ચોરસ મીટરમાં બાંધકામ કરવામાં આવ્યું છે ? |
| ૧૨.૪ | કેટલા માળનું બાંધકામ કરવામાં આવ્યું છે. |
| ૧૨.૫ | કયા હેતુ માટે બાંધકામ કરવામાં આવ્યું છે. |
| ૧૨.૬ | બાંધકામ્ સિવાયનો કેટલા ખુલ્લો વિસ્તાર છે ? (ચોરસ મીટરમાં જણાવવું) |
| ૧૩.૧ | જમીનની માપણી કરાવ્યાની તારીખ |

| | |
|---|---|
| ૧૩.૨ | માપણી કરાવ્યા પછી મંજુર કરેલ જમીન કરતાં કેટલી જમીન વધારે નીકળેલ છે ? (ચોરસ મીટરમાં જણાવવું) |
| ૧૪.૧ | પટ્ટાની જમીનમાં કોઈ બાંધકામ કરવામાં આવેલ છે ?( હા કે ના ) |
| ૧૪.૨ | જો હા, તો શેનું બાંધકામ કેટલા વસ્તારમાં ક્યારથી કરવામાં આવેલ છે ? |
| ૧૪.૩ | આ બાંધકામ પરવાનગી મેળવીને કરવામાં આવેલ છે?( હા કે ના ) |
| ૧૫. | જે હેતુ માટે વેચાણથી કે રાહતદરથી કે મહેસુલી માફી અને કિંમતી માફીથી કે પટ્ટેથી જમીન આપવામાં આવેલ છે તે હેતુ માટે સક્ષમ અધિકારીની મંજુરી/માન્યતા ચાલુ છે ?(હા કે ના )( જેમ કે સ્કુલની માન્યતા /હોસ્પિટલની માન્યતા વિગેરે) |
| ૧૬. | વિના હરાજીથી વેચાણથી કે રાહતદરથી જમીન મહેસુલ અને કિંમત માફીથી કે પટેથી જમીન ધારણ કર્યાને કેટલો સમય થયો ?(વર્ષ, માસ અને દિવસમાં જણાવવું ) |

૧૭.	ધોરણસર ભરવાની થતી સ્ટેમ્પ

ડ્યુટી ભરી છે કે નહિ, (હા કે ના)

## <u>એકરારનામું</u>

ઉપર જણાવેલ વિગત મારા માનવા તથા ધારવા મુજબ ખરી છે અને હું એકરાર કરું છું કે તેમાં હું ખોટો અગર દોષિત ઠરું તો સરકારશ્રીના નિયમોનુસાર જરુરી સજાને પાત્ર ઠરીશ તે સમજીને ઉપર જણાવેલ વિગત જાહેર કરું છું.

સ્થળ :	અરજદારની સહી

તારીખ :	નામ/ સરનામું.